BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઑફ બ્રેમ્પટન ફેડરલ અને પ્રોવિન્સની સરકારના ભાગીદારો અને Stellantis (સ્ટેલાન્ટિસ)ની રોકાણ ઘોષણાને આવકારે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (મે 2, 2022) – સીટી ઑફ બ્રેમ્પટન આજે થયેલી ઘોષણાને આવકારે છે કે ઈલેક્ટ્રિક વાહનો બનાવવા - Stellantis (સ્ટેલાન્ટિસ) ની પોતાની બ્રેમ્પટન સગવડ સહિત - તેઓના કેનેડિયન ઓટો પ્લાન્ટ્સને પુનઃસ્થાપિત કરવામાં મદદરૂપ થવા ફેડરલ અને પ્રોવિન્સની સરકારો $1 બિલિયન ઉપરાંતનું સહિયારું રોકાણ કરી રહી છે. Stellantis પોતાના ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ્સમાં બીજા $2.4 બિલિયનનું રોકાણ કરી રહ્યું છે.

પોતાના બ્રેમ્પટન એસેમ્બ્લી પ્લાન્ટમાં, Stellantis બેટરી-ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનોનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવતી લચીલી એસેમ્બ્લી લાઇન સ્થાપશે. આ ઑવરહૉલથી ઓછું-ઉત્સર્જન કરતા વાહનો માટે વધતી જતી ઉપભોક્તાની માગને સંતોષવા ઓટોમેકરની ક્ષમતામાં વૈવિધ્યકરણ કરશે. ઓન્ટેરિયોની $132 મિલિયન સુધીની કટિબદ્ધતા બ્રેમ્પટનમાં આ સગવડનું લાંબા-ગાળાનું ભાવિ સુરક્ષિત બનાવવામાં મદદ કરે છે.

બ્રેમ્પટનમાંની Stellantis સગવડ બ્રેમ્પટનના ઓટોમોટિવ ઉદ્યોગનું લંગર (એન્કર) છે, અને સ્થાનિક અર્થતંત્ર પર નોંધપાત્ર રીતે પ્રભાવ પાડીને, લગભગ 3,000 ઉત્પાદન નોકરીઓ પૂરી પાડે છે. તેઓ સમગ્ર પ્રોવિન્સમાં ઘણી પરોક્ષ નોકરીઓ પણ પૂરી પાડે છે. એવો અંદાજ છે કે ઓટોમોટિવ સગવડમાં દરેક પ્રત્યેક નોકરીથી, પાંચથી છ પરોક્ષ નોકરીઓ ઊભી થાય છે.

બ્રેમ્પટનનું આધુનિક ઉત્પાદન ક્ષેત્ર દરેક ઉદ્યોગ આરપાર સહયોગ, ભાગીદારીઓ અને નવીન શોધ માટેનો પાયો છે. તે રોજગાર આપતો બ્રેમ્પટનનો સૌથી વિશાળ ઉદ્યોગ છે, જે શહેરના કાર્યબળનો લગભગ ચોથો ભાગ છે. 23 ટકા જેટલું બ્રેમ્પટનનું આધુનિક ઉત્પાદન ક્ષેત્ર કાર્યબળ ઓટોમોટિવ ઉદ્યોગમાં છે.

બ્રેમ્પટનના ઓટોમોટિવ ઉદ્યોગ અને આધુનિક ઉત્પાદન ક્ષેત્ર પર વધુ માહિતી માટે વેબસાઈટ www.investbrampton.ca જુઓ.

**ઝડપી માહિતી**

- ફેબ્રુઆરીમાં, બ્રેમ્પટનના ઓટોમોટિવ ઉદ્યોગના મહત્વની ચર્ચા કરવા અને સરકારના બધાં સ્તરોએ Stellantis બ્રેમ્પટન એસેમ્બ્લી પ્લાન્ટમાં રોકાણ માટેની જરૂરિયાત વિશે જાગરૂકતા ઊભી કરવા સીટીએ બ્રેમ્પટન ઓટોમોટિવ ફોરમનું આયોજન કર્યું હતું. આ ફોરમમાં બ્રેમ્પટન સીટી કાઉન્સિલના સભ્યો, ઈકોનોમિક ડેવલપમેન્ટ સ્ટાફ, મિનિસ્ટર્સ, સ્થાનિક MPs અને MPPs હાજર રહ્યાં હતા, જેઓએ બ્રેમ્પટનનો ઓટોમોટિવ ઉદ્યોગ અને ઓન્ટેરિયો અને કેનેડાના બહોળા ઓટોમોટિવ ઉદ્યોગોના ભાવિની ચર્ચા કરી હતી.
- બ્રેમ્પટનની Stellantis સગવડ તેઓના વૈશ્વિક સંચાલન સ્થળોમાંથી એકમાત્ર પ્લાન્ટ છે જે ડોજ (Dodge) ચાર્જર્સ, ડોજ ચેલેન્જર્સ, અને ક્રાઈસ્લર 300s નું ઉત્પાદન કરે છે.
- બ્રેમ્પટનમાં બનતી 90 ટકા ઉપરાંત કારો નિર્યાત થાય છે અને તેમાંની મોટા ભાગની વિશાળ સંખ્યા યુ.એસ.માં જાય છે.
- બ્રેમ્પટનમાં ઓટોમોટિવ પાર્ટ્સના ઉત્પાદન ઉદ્યોગમાં મેગ્ના (Magna), માર્ટિનરીઆ (Martinrea), ABC ટેકનોલોજીસ અને અન્ય ઘણી સહિતની ઘણી મોટી કંપનીઓ છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"બ્રેમ્પટન આપણી Stellantis (સ્ટેલાન્ટિસ) સગવડ, અને એક વિશાળ અને નવીન આધુનિક ઉત્પાદન ક્ષેત્ર દ્વારા રચાયેલ ઓટોમોટિવ ઉત્કૃષ્ટતાનો ગૌરવપૂર્ણ ઈતિહાસ ધરાવે છે. અમે રોમાંચિત છીએ કે આપણું શહેર ઈલેક્ટ્રિક વાહનો તરફ વૈશ્વિક ઓટોમોટિવ ઉદ્યોગના પ્રયાણનો ભાગ બનશે, અને અમે આ સહિયારા રોકાણ માટે ફેડરલ અને પ્રોવિન્સની સરકારોમાં આપણાં મૂલ્યવાન ભાગીદારો અને Stellantis નાં આભારી છીએ. બ્રેમ્પટન, આપણું સ્થાનિક કાર્યબળ, અને આપણાં ઓટોમોટિવ ઉદ્યોગ માટે ભવિષ્ય ઉજ્જવળ છે."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઑફ બ્રેમ્પટન*

"બ્રેમ્પટનનું આધુનિક ઉત્પાદન ક્ષેત્ર આપણાં સમુદાયમાં બધાં ઉદ્યોગોને આવરી લઈને સહયોગ, ભાગીદારીઓ, અને નવીન શોધ માટેનો પાયો છે, જે રોજગારની દૃષ્ટિએ આપણાં શહેરના સૌથી વિશાળ ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરે છે. આપણાં સરકારી ભાગીદારો અને Stellantis દ્વારા આજે થયેલી રોકાણ ઘોષણા બદલ આપનો આભાર, અને આપણાં સમર્પિત ઈકોનોમિક ડેવલપમેન્ટ સ્ટાફનો આભાર જેઓએ આ રોકાણ માટેની જરૂરિયાતની આસપાસ જાગરૂકતા ઊભી કરી. આનાથી આપણાં સમગ્ર સમુદાયને લાભ થશે, અને તકો આપતા શહેર તરીકે, બ્રેમ્પટન ઓટોમોટિવ ઉદ્યોગના ઈલેક્ટ્રિફિકેશનમાં અગ્રણી બનવામાં રોમાંચ અનુભવે છે."

*- માર્ટિન મિડીરોસ (Martin Medeiros), રીજીયનલ કાઉન્સિલર, વૉર્ડ્સ 3 અને 4; પ્રમુખ, આર્થિક વિકાસ, સીટી ઑફ બ્રેમ્પટન*

"બ્રેમ્પટન નવીન શોધ અને આધુનિક ઉત્પાદનમાં અગ્રણી છે. અમે આજે થયેલી ઘોષણાને આવકારીએ છીએ જેનાથી Stellantis ને પોતાની બ્રેમ્પટન સગવડને પુનઃસ્થાપિત કરવાની છૂટ મળશે. ઈલેક્ટ્રિફિકેશન તરફ આ પ્રયાણથી ન કેવળ આપણાં સ્થાનિક અર્થતંત્રને લાભ થશે, પણ તે બ્રેમ્પટનને ઓટોમોટિવ ઉદ્યોગના ભાવિને મોખરે રાખવા દેશે."

*- પૉલ વિસેન્ટ (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 1 અને 5; ઉપાધ્યક્ષ, આર્થિક વિકાસ, સીટી ઑફ બ્રેમ્પટન*

"બ્રેમ્પટન ઈકોનોમિક ડેવલપમેન્ટ ઑફિસ આપણાં સ્થાનિક ઓટોમોટિવ ઉદ્યોગ - Stellantis ઈલેક્ટ્રિક વાહનો બનાવવા પોતાની બ્રેમ્પટન સગવડને પુનઃસ્થાપિત કરી રહ્યું છે ત્યારે - તેઓને ટેકો આપવાનું ચાલુ રાખવા આશાવાદી છે. બ્રેમ્પટન ભાવિ-વિચારશીલ આધુનિક ઉત્પાદન ક્ષેત્રને ટેકો આપવા વ્યૂહાત્મક રીતે સ્થિત છે, અને આપણાં ઉચ્ચ ગુણવત્તાના કાર્યબળ અને ઍવૉર્ડ-વિજેતા ઉત્પાદન વડે, આપણે ઓટોમોટિવ ઉદ્યોગના ભાવિનો ભાગ બનવા પરિપૂર્ણ સ્થળ પૂરું પાડીએ છીએ."

*- ક્લૅર બાર્નેટ (Clare Barnett), ડાઈરેક્ટર, આર્થિક વિકાસ, સીટી ઑફ બ્રેમ્પટન*

"આજની ઘોષણા દર્શાવે છે કે ઓટોમોટિવ ઉત્પાદન નોકરીઓ સુરક્ષિત કરવા અને કેનેડિયન ઉત્પાદન મજબૂત રાખવા યુનિયનો, સરકારો અને ઉદ્યોગ સાથે આવે તે કેટલું મહત્વપૂર્ણ છે. બ્રેમ્પટન એસેમ્બ્લી પ્લાન્ટમાં મહેનતુ, સમર્પિત લોકો પોતાની શ્રેણીના કેટલાક ઉચ્ચતમ ગુણવત્તાના શ્રેષ્ઠ-વેચાણ ધરાવતા વાહનો બનાવવામાં ગૌરવ અનુભવે છે. હવે, આપણે પણ આગામી વર્ષો માટે કેનેડાની ઈલેક્ટ્રિક વાહનની સંક્રાંતિમાં સટિક ભૂમિકા ભજવવાનું ગૌરવ ધરાવી શકીએ છીએ"

*- ડેની પ્રાઈસ (Danny Price), પ્રમુખ, યુનિફોર લૉકલ (Unifor Local) 1285*

"આ રોકાણ બ્રેમ્પટન પ્રત્યે Stellantis (સ્ટેલાન્ટિસ) ની સુદૃઢ કટિબદ્ધતાની પુનઃ મંજૂરી દર્શાવે છે. સ્થાનિક સપ્લાયર્સ અને કર્મચારીઓ માટે, આ રોકાણનો ધોધમય પ્રભાવ આપણાં સમુદાયના ભાવિ માટે અત્યંત સારી આગાહી કરે છે."

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ

કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca